**ગુજરાત રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કૉલરશીપ યોજના (ધોરણ ૬ થી ૧૨ માટે)**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**ઠરાવ ક્રમાંક: સસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન**
**તા:૦૭/૦૬/૨૦૨૩**

**વંચાણે લીધા:** શિક્ષણ વિભાગનો તા.૩૦/૦૧/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક:સસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન

## પ્રસ્તાવના :

ઉક્ત વંચાણે લીધેલ ઠરાવથી રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી જ્ઞાનસેતુ ડે સ્કૂલ શરૂ કરવા અંગે ઠરાવવામાં આવેલ હતું. જેના અમલીકરણ સંદર્ભે આ યોજનામાં જોડાવા રસ ધરાવતી સ્વ-નિર્ભર શાળાઓ અને અનુદાનિત શાળાઓ પાસેથી નિયત નમૂનામાં અરજીઓ મેળવવામાં આવી હતી. આ અરજીઓની વિગતવાર સમીક્ષા કરતા જણાયું કે, રાજ્યનાં અનેક તાલુકાઓમાં એક કરતા વધુ લાયકાત ધરાવતી શાળાઓ ઉપલબ્ધ છે તે પૈકી એક સિવાય બાકી શાળાઓ આ યોજનામાં જોડાઇ શકતી નથી. જ્યારે કેટલાક તાલુકાઓમાં ધોરણ ૧૦ના પરિણામના માપદંડના આધારે મર્યાદિત સંખ્યામાં શાળાઓ ઉપલબ્ધ થતી હતી. તેથી શિક્ષણ વિભાગના તા.૩૦/૦૧/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: સસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન મુજબ આવા તાલુકાઓમાંથી કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં ઉત્તીર્ણ થઇને મેરીટમાં પસંદ થનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મર્યાદિત વિકલ્પો જ મળતા હતા. તેજસ્વી વિદ્યાર્થીઓને પોતાના જિલ્લામાં કે અન્ય જિલ્લામાં પણ ઇચ્છા મુજબ શ્રેષ્ઠ શાળા પસંદગી કરવા માટે વધુમાં વધુ સારા વિકલ્પો ઉપલબ્ધ થાય તે હેતુથી સદર ઠરાવની પુનઃવિચારણા કરવી આવશ્યક જણાયેલ છે.

આથી રાજ્યમાં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૫માં સળંગ અભ્યાસ કરી ધોરણ ૫નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકીના તેજસ્વી વિદ્યાર્થીઓ મેરીટના ધોરણે રાજ્યમાં કાર્યરત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ કે અન્ય બોર્ડ સાથે સંલગ્ન શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વ-નિર્ભર શાળાઓમાં ધોરણ ૬માં પ્રવેશ મેળવી ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત રાજ્યના આવા તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાની બાબત રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાના અંતે પ્રસ્તાવનામાં દર્શાવ્યા મુજબ ધોરણ ૫ પૂર્ણ કરેલા ૩૦,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે પસંદ કરી તેઓને ધોરણ ૬થી ૧૨ સુધીનાં અભ્યાસ માટે સ્કોલરશીપ આપવાની યોજના અમલમાં મૂકવાનું નીચેની શરતોને આધીન ઠરાવવામાં આવે છે.

## ઠરાવ:-

1. **યોજનાનું નામ**

   મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના

2. **યોજનાના અમલીકરણ અધિકારી**

   આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે નિયામકશ્રી, શાળાઓ રહેશે.

3. **વિધાર્થીઓ માટે શાળાઓની પસંદગીના વિકલ્પો**

   મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટે પસંદ થયેલ વિધાર્થીઓને શાળાઓની પસંદગીમાં વધુમાં વધુ વિકલ્પ મળી રહે તે જરૂરી છે. તેથી તેઓના ધોરણ ૬ થી ૧૨નાં અભ્યાસ માટે નીચે મુજબ અલગ અલગ વિકલ્પો ઉપલબ્ધ રહેશે.

   A. નિયામકશ્રી, શાળાઓ દ્વારા નીચે 4 Aમાં દર્શાવેલ નિયત ધારાધોરણ મુજબ પસંદ કરેલ સ્વનિર્ભર શાળાઓમા અથવા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ.

   B. ઉપર-Aમાં દર્શાવ્યા મુજબના ધારાધોરણ મુજબ પસંદ થયેલ શાળાઓ ઉપરાંત નીચે મુજબની શાળાઓમાં પણ આ વિધાર્થીઓ પ્રવેશ મેળવી શકશે.

      i. વિધાર્થીએ જે અનુદાનિત શાળામાં ધોરણ ૫ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરી કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ મેળવવાપાત્ર ઠર્યો હોય અને તે પોતાની જુની અનુદાનિત શાળામાં ધોરણ ૬માં પ્રવેશ મેળવવા માગતો હોય તો તે પ્રવેશ મેળવી ધોરણ ૬ થી ૮ નો અભ્યાસક્રમ પૂર્ણ કરી શકશે.

      ii. વિધાર્થીએ જે સરકારી શાળામાં ધોરણ ૫ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરી કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ મેળવવાપાત્ર ઠર્યો હોય અને તે પોતાની જુની સરકારી શાળામાં કે અન્ય સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ ૬માં પ્રવેશ મેળવવા માગતો હોય તો તે પ્રવેશ મેળવી ધોરણ ૬ થી ૮ નો અભ્યાસક્રમ પૂર્ણ કરી શકશે.

iii. કોઈપણ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ ૯ થી ૧૨નો અભ્યાસ કરી શકશે.

C. શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયેથી જો કોઇ વિધાર્થી શાળા બદલવા ઇચ્છે તો નિયામકશ્રી, શાળાઓ દ્વારા જાહેર કરેલ શાળાઓની અધતન પસંદગી યાદી પૈકીની કોઇપણ શાળામાં કે ઉપર B માં જણાવ્યા મુજબની શાળાઓ પૈકીની શાળાઓમાં પ્રવેશ મેળવી શકશે. એટલે કે ધોરણ ૬ પૂર્ણ કર્યા બાદ ધોરણ ૭ માં શાળા બદલી શકશે. તે જ રીતે અન્ય ધોરણોમાં પણ આ જોગવાઇ અનુસાર શાળા બદલી શકશે.

## 4. નિયામકશ્રી, શાળાઓ દ્વારા શાળાઓની પસંદગીના ધારાધોરણ

A. ઉપર 3 A ના કિસ્સામાં નીચે મુજબની ચારેય શરતો પૂર્ણ કરે તેવી સ્વ-નિર્ભર અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો નિયામકશ્રી, શાળાઓ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાની પસંદગી યાદીમાં સમાવેશ કરવાનો રહેશે.

i. શાળાના છેલ્લા પાંચ વર્ષ પૈકી ઓછામાં ઓછું ત્રણ વર્ષનું ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૮૦% કરતા વધુ હોય.

ii. શાળાઓમાં ધોરણ ૬ થી ૧૨નો સળંગ અભ્યાસક્રમ ચાલતો હોય.

iii. ધોરણ ૬ થી ૮ પ્રાથમિક વિભાગ અને ધોરણ ૯ થી ૧૨ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગનું સંચાલન એક જ ટ્રસ્ટ/સંસ્થા દ્વારા થતું હોય.

iv. ધોરણ ૬ થી ૧૦ અથવા ધોરણ ૬ થી ૧૨ સળંગ એક જ કેમ્પસમાં ચાલતા હોય.

B. દર વર્ષે શાળાઓની પસંદગી યાદી નિયામકશ્રી, શાળાઓ દ્વારા નવેસરથી પરિણામ અને અન્ય મુદ્દાઓને આધારે અધતન કરવાની રહેશે.

C. આ રીતે અધતન પસંદગી યાદીમાંથી બાકાત થયેલ શાળા જયાં સુધી પુન: પાત્રતા મેળવે નહીં ત્યાં સુધી આ યોજના હેઠળ નવા પ્રવેશ આપી શકશે નહીં. પરંતુ અગાઉનાં વર્ષમાં આવી શાળામાં પ્રવેશ મેળવેલ હોય તેવા વિધાર્થીઓ ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ તે જ શાળામાં પૂર્ણ કરી શકશે અથવા વિધાર્થીઓ તેમની ઇચ્છા મુજબ ઉપર ક્રમ 3(c) અનુસાર શાળા બદલી શકશે.

D. દર વર્ષે વિધાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા પહેલા નિયામકશ્રી, શાળાઓ દ્વારા પસંદ કરાયેલ શાળાઓની અધતન યાદી અને તેમના પુરા નામ, સરનામા, માધ્યમ અને સ્વ-નિર્ભર શાળાઓના કિસ્સામાં ગુજરાત સ્વ-નિર્ભર શાળા(ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ અંતર્ગત નિયત કરેલ ફીની વિગતો અને અન્ય આનુષંગિક વિગતો સાથે જાહેર કરવાની રહેશે.

## 5. વિદ્યાર્થીઓને મળવાપાત્ર યોજનાના લાભો

A. જે વિદ્યાર્થીઓ રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ કરેલ સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ ૬માં પ્રવેશ મેળવશે તેવા વિદ્યાર્થીઓને સ્કોલરશીપનો લાભ ધોરણ ૬ થી શરૂ કરી ધોરણ ૧૨ પૂર્ણ કરે ત્યાં સુધી નીચે મુજબ મળવા પાત્ર રહેશે.

   i. ધોરણ ૬થી ૮નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ.૨૦,૦૦૦
   ii. ધોરણ ૯ થી ૧૦નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ.૨૨,૦૦૦
   iii. ધોરણ ૧૧થી ૧૨નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ.૨૫,૦૦૦

B. જે વિદ્યાર્થીઓ સરકારી અથવા કોઈપણ અનુદાનિત શાળાઓમાં ધોરણ ૬માં પ્રવેશ મેળવીને ધોરણ ૬થી ૧૨નો અભ્યાસ આ શાળાઓમાં વિનામૂલ્યે મેળવવાનું ચાલુ રાખે તેવા વિદ્યાર્થીઓને ની:શુલ્ક અભ્યાસ ઉપરાંત નીચે મુજબની વધારાની સ્કોલરશીપ આપવામાં આવશે.

   i. ધોરણ ૬થી ૮નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ.૫,૦૦૦
   ii. ધોરણ ૯થી ૧૦નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ.૬,૦૦૦
   iii. ધોરણ ૧૧થી ૧૨નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ.૭,૦૦૦

C. કોઇ પણ શાળામાં ધોરણ ૯ થી ૧૦ અથવા ધોરણ ૯ થી ૧૨ અનુદાનિત શાળા તરીકે ચાલતા હોય અને ધોરણ ૬ થી ૮ સ્વ-નિર્ભર શાળા તરીકે ચાલતી હોય, અથવા ધોરણ ૬ થી ૮ અનુદાનિત તરીકે અને ધોરણ ૯ થી ૧૦ અથવા ધોરણ ૯ થી ૧૨ અથવા ધોરણ ૧૧ થી ૧૨ સ્વ-નિર્ભર તરીકે ચાલતી હોય, આવા તમામ કિસ્સામાં જ્યાં ઉપર મુજબની ચારેય શરતો પૂર્ણ થતી હોય તો આવી શાળાઓમાં જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે તેઓને જેટલા ધોરણ સ્વ-નિર્ભર તરીકે ચાલતા હોય તેટલા ધોરણ પુરતુ જે તે ધોરણ મુજબ મળવાપાત્ર સ્કોલરશીપની રકમ જે તે વર્ષ માટે મળવાપાત્ર રહેશે.

D. આ વિદ્યાર્થીઓને સ્કોલરશીપની રકમ ઉપરાંત મફત બસ પાસની સુવિધા પણ મળશે.

## 6. અનુદાનિત અને સરકારી શાળાઓને મળવાપાત્ર નાણાકીય સહાય

A. આ યોજના હેઠળ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનામાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ અનુદાનિત કે સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવે તો તે શાળાઓને નીચે મુજબ વિદ્યાર્થી દીઠ નાણાકીય સહાય આપવામાં આવશે.

   i. ધોરણ ૬થી ૮માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૨,૦૦૦
   ii. ધોરણ ૯થી ૧૦માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. 3,000
   iii. ધોરણ ૧૧થી ૧૨માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૪,૦૦૦

B. જે તે અનુદાનિત અને સરકારી શાળાઓમાં આ રકમનો ઉપયોગ સમગ્ર શિક્ષા દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓને આપવામાં આવતી સંયુક્ત શાળા ગ્રાન્ટ (School Composite Grant) નો ઉપયોગ કરવા માટેના પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર કરવાનું રહેશે.

## 7. વિધાર્થી અને શાળાને મળતી સહાયમાં સમયાંતરે વધારો

ઉપર 5A અને 5B મુજબ વિધાર્થીઓને મળવાપાત્ર સ્કોલરશીપની રકમમાં અને 6A મુજબ અનુદાનિત અને સરકારી શાળાઓને મળવાપાત્ર નાણાકીય સહાયમાં વધારો કરવા દર ત્રણ શૈક્ષણિક વર્ષ બાદ રાજ્ય સરકાર વિચારણા કરશે.

## 8. લાભાર્થીઓ નક્કી કરવા માટેની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ

A. કોમન એન્ટ્રન્સ પરીક્ષાનું આયોજન અને અમલીકરણ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવશે.

B. તે માટેનો અભ્યાસક્રમ, પરીક્ષાનું માળખું તેમજ આનુષંગિક નિયમો રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવશે.

C. સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૫ સુધીનો સળંગ અભ્યાસ કરી, ધોરણ ૫માં અભ્યાસ કરતા હોય અથવા ધોરણ ૫માં ઉત્તીર્ણ થયેલ હોય તેવા વિધાર્થીઓ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજીત થનાર કોમન એન્ટ્રન્સ ટેસ્ટ આપી શકશે.

D. આ પરીક્ષા માટે વિધાર્થીઓની ફી અંગેનો નિર્ણય રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવશે.

## 9. કોમન એન્ટ્રસ ટેસ્ટનું પરિણામ અને મેરીટ લીસ્ટ

A. કોમન એન્ટ્રસ ટેસ્ટ પરીક્ષામાં કટઓફ કરતા વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિધાર્થીઓની યાદી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા નિયામકશ્રી, શાળાઓને સુપ્રત કરવાની રહેશે.

B. ઉપર મુજબની યાદી પૈકીના વિધાર્થીઓના દસ્તાવેજની ખરાઇ સરકારી શાળાઓના કિસ્સામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને અનુદાનિત શાળાઓના કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા નિયામકશ્રી, શાળાઓની સૂચના અનુસાર કરવાની રહેશે.

## 10. વિધાર્થીઓના પ્રવેશ માટેની પ્રક્રિયા

A. ઉપર મુજબ ખરાઇ પછી જે વિધાર્થીઓ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ માટે પાત્ર થાય છે તેવા વિધાર્થીઓનું કામચલાઉ મેરીટ લીસ્ટ નિયામકશ્રી, શાળાઓ દ્વારા એક અલાયદા પોર્ટલ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે.

B. રાજ્ય કક્ષાની યાદી તૈયાર કરતી વખતે સરકારના ધારાધોરણ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓનો સમાવેશ કરવાનો રહેશે અને દરેક કેટેગરીમાં ૫૦% લાભાર્થી કન્યાઓ રહેશે.

C. સ્કોલરશીપ માટે પાત્રતા ધરાવતા વિધાર્થીઓ નિયત સમય મર્યાદામાં ક્રમાંક ૩માં દર્શાવ્યા પ્રમાણેની કોઇપણ શાળામાં ધોરણ ૬માં પ્રવેશ મેળવી શકશે.

D. શાળાઓએ આ રીતે સ્કોલરશીપ માટે પાત્રતા ધરાવતા વિધાર્થીઓને જ્યારે ધોરણ ૬માં પ્રવેશ આપવામાં આવશે ત્યારે તેવા વિધાર્થીઓને તેઓની શાળાઓમાં પ્રવેશ બાબતનું જનરલ રજીસ્ટર નંબર સાથેનું પ્રમાણપત્ર, શાળાના આચાર્યના સહી અને સિક્કા સાથે વિધાર્થીને આપવાનું રહેશે.

E. વિધાર્થીના વાલીએ આ પ્રમાણપત્ર પોર્ટલ ઉપર આપવામાં આવેલ સૂચના અનુસાર નિયત સમયમર્યાદામાં અપલોડ કરવાનું રહેશે.

F. પસંદગી મુજબની શાળામાં પ્રવેશ મેળવવાની સંપૂર્ણ જવાબદારી વિધાર્થીઓની અને તેઓના વાલીની રહેશે. તે બાબતે જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે નિયામકશ્રી, શાળાઓની જવાબદારી રહેશે નહીં.

## 11. સ્કોલરશીપની રકમની ચૂકવણીની પ્રક્રિયા

A. આ યોજના હેઠળ સ્કોલરશીપની ચૂકવણી નિયામકશ્રી, શાળાઓ દ્વારા ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) થી સીધા વિધાર્થી/વાલીના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

B. નિયામકશ્રી, શાળાઓ દ્વારા આ સ્કોલરશીપ યોજના માટેના પોર્ટલમાં વિધાર્થીઓ દ્વારા મેળવેલ પ્રવેશ અંગેની જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મારફત ખરાઇ કરવાની રહેશે.

C. તે ખરાઇ કર્યા પછી વહેલામાં વહેલી તકે સંબંધિત વાલીના ખાતામાં તેઓની મળવાપાત્ર સ્કોલરશીપ રકમની ૫૦% રકમ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર(DBT) દ્વારા નિયામકશ્રી, શાળાએ ચૂકવી આપવાની રહેશે.

D. સ્કોલરશીપના બીજા હપ્તાની ૫૦% રકમ શૈક્ષણિક વર્ષના બીજા સત્રની શરૂઆતમાં વિધાર્થીઓની પહેલા સત્રની ઓછામાં ઓછી ૮૦% હાજરીને આધારે ચૂકવવાની રહેશે.

E. જ્યારે આ વિધાર્થી બીજા વર્ષે ધોરણ ૭માં પહોંચે ત્યારે ધોરણ ૬ની બીજા સત્રની ઓછામાં ઓછી ૮૦% હાજરીને આધારે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં બીજા વર્ષની સ્કોલરશીપના ૫૦% પહેલા હપ્તાની રકમ ચૂકવવાની રહેશે.

F. ધોરણ ૭ના પ્રથમ સત્રની ઓછામાં ઓછી ૮૦% હાજરીને આધારે બીજા સત્રની શરૂઆતમાં જ સ્કોલરશીપની બીજા હપ્તાની રકમ ચૂકવવાની રહેશે.

G. આ જ કાર્યપ્રણાલી પછીના વર્ષોમાં પણ સ્કોલરશીપની ચૂકવણી વખતે લાગુ કરવામાં આવશે.

H. સ્કોલરશીપ યોજનાનો લાભ મેળવતા વિદ્યાર્થીઓની વિદ્યા સમીક્ષા કેન્દ્રના ઓનલાઇન એટેન્ડન્સ પોર્ટલ ઉપર નિયમિત રીતે હાજરી ભરવાની જવાબદારી જે તે શાળાની રહેશે.

I. સ્વનિર્ભર શાળાઓના કિસ્સામાં ગુજરાત સ્વ-નિર્ભર શાળા(ફ્રી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ની જોગવાઇ મુજબ નક્કી થયેલ ફ્રી આ સ્કોલરશીપની રકમ કરતા વધુ હોય તો તે વધારાની રકમ શાળાને ચૂકવવાની જવાબદારી વિદ્યાર્થીના વાલીની રહેશે.

## 12. સરકારી અને અનુદાનિત શાળાઓને નાણાકીય સહાયની ચૂકવણીની પ્રક્રિયા

દર શૈક્ષણિક વર્ષના અંતે જેટલા વિદ્યાર્થીઓ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાનો લાભ સાથે જે કોઇ સરકારી કે અનુદાનિત શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૪0% હાજરી સાથે પૂર્ણ કરે છે તેવા વિદ્યાર્થી દીઠ ઉપર 6Aમાં દર્શાવ્યા પ્રમાણેની રકમ નિયામકશ્રી, શાળાઓ તરફથી જે તે સરકારી શાળાઓના કિસ્સામાં શાળા વ્યવસ્થાપન સમિતિ અથવા અનુદાનિત શાળાઓના કિસ્સામાં શાળા સંચાલક મંડળના ખાતામાં જમા કરવામાં આવશે.

## 13. અન્ય શરતો :

A. વિદ્યાર્થીઓ અને વાલીઓને તેમની પસંદગી મુજબની શાળાઓમાં પ્રવેશ મળે તે માટે ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓ અને નિયત લાયકાત ધરાવતા શિક્ષકોની ઉપલબ્ધતાને ધ્યાને રાખી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા તેમના સંલગ્ન આ યોજના હેઠળ પસંદ થયેલ શાળાઓને વધુ વિદ્યાર્થીનો સમાવેશ કરવા માટે જરૂરી છૂટછાટ આપી શકશે.

B. ધોરણ ૬થી ૧૨ના અભ્યાસ દરમિયાન કોઇપણ ધોરણમાં વિદ્યાર્થી નાપાસ થાય અથવા શાળા શિક્ષણ છોડી દે અથવા વિદ્યાર્થી સામે કોઇ પણ ગંભીર પ્રકારના શિસ્ત વિષયક પગલાઓ લેવામાં આવે તો આ યોજનાનો લાભ નિયમાનુસાર તેઓને આપવામાં આવશે નહીં.

C. શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયેથી જો કોઇ વિદ્યાર્થી શાળા બદલવા ઇચ્છે તો તે બાબતે જે તે સમયે નિયામકશ્રી, શાળાઓ દ્વારા જાહેર કરેલ શાળાઓની અધતન પસંદગી યાદી પૈકીની શાળાઓમાં પ્રવેશ મેળવી તે બાબતનું જનરલ રજીસ્ટર નંબર અને શાળાના આચાર્યના સહી અને સિક્કા સાથે પ્રમાણપત્ર પોર્ટલ ઉપર અપલોડ કરવાનું રહેશે.

D. આ ઠરાવના ઉચિત અમલીકરણ માટે શિક્ષણ વિભાગ અથવા નિયામકશ્રી, શાળાઓ દ્વારા જરૂરી આનુષંગિક સૂચનાઓ આપી શકશે.

આ યોજનાનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી કરવાનું રહેશે.

ઉક્ત વંચાણે લીધેલ તા.૩૦/૦૧/૨૦૨૩ નો ઠરાવ મૂળ અસરથી રદ કરવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૭/૦૬/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયશ્રી દેવાંગન ૭/૬/૨૩

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી,મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ.અનેમા.શિ), શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, જીસીઇઆરટી, સેક્ટર-૧૨,ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેકટર-૧૦, ગાંધીનગર
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તમામ (નિયામકશ્રી, શાળઓની કચેરી મારફતે)

- સેકશન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ( આ પરિપત્ર વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.